# વિશ્વભરમાં ગુજરાતની સોડમ ઊંઝાનું જીરું

સંકલન : ગોંડલિયા પુરણ એ.

મસાલાઓની બાબતમાં ગૌરવવંતો ઈતિહાસ ધરાવતા ભારતે વિશ્વને અનેક મસાલાઓની ભેટ આપી છે. એ તેજાના મસાલા જ હતા, જે અંગ્રેજોને ભારત સુધી ખેંચી લાવ્યા હતા. ખોરાકમાં સ્વાદની સાથે સોડમ લાવતા જીરુંને વિશ્વના ખૂણેખૂણે પહોંચાડવામાં ગુજરાતનો ફાળો સૌથી વિશેષ છે. રાજયના મહેનતુ ખેડૂતોએ સૂકી જમીન અને ઓછી પાણીમાં પણ પોતાનો પરસેવો રેડીને એવી કમાલ કરી કે આજે વિશ્વની કુલ જરૂરિયાતનું ૬૦ ટકા જીરું એકલું ગુજરાત પકવે છે. આ તરફ સાહસિક વેપારીઓની કુનેહથી જીરુંનો વેપાર આંતરરાષ્ટ્રીય બન્યો. આજે ભાગ્યે જ કોઈ એવો દેશ હશે, જયાં ગુજરાતનું જીરું ન પહોંચતું હોય. જયારે ઠંડકની પ્રતિક બનેલી વરિયાળી અને મુખ્યત્વે રાસ્થાનનો પાક ગણાતું ઈસબગુલ પણ ઊંઝાના માર્કેટ થકી જ વિશ્વભરમાં જાણીતું બન્યું છે.



ઉનાવાના શિક્ષક મોહનલાલ ગુરુના ઈરાન પ્રવાસ બાદ ઊંઝા તેમજ આસપાસના વિસ્તારોમાં જીરુંની ખેતી અને વેપારને નવી દિશા મળતાં કૃષિક્રાંતિનો પાયો નાખવાની શરૂઆત થાય છે, જેની અસરથી ઊંઝા જીરુના વેપારમાં એક જાણીતું સ્થળ બનતા અહીં આજુબાજુના વિસ્તારોમાંથી ખેડૂતો બળદગાડામાં માલ ભરીને વેચાણઅર્થે આવવા લાગ્યા. આથી થોડા સમય બાદ સિદ્ધપુર યાર્ડના સબયાર્ડ તરીકે ઊંઝાને ઓળખ મળી. જોકે ઊંઝાના વેપારીઓની સાહસિકતાને પરિણામે વેપાર સતત વધવા લાગ્યો હોવાથી ઊંઝાનું પોતાનું માર્કેટયાર્ડ થાય એ માટે ઉમિયામાતા ધામ ખાતે વેપારીઓની એક બેઠક મળી. આ બાદ વર્ષ ૧૯૫૪માં ૨૩ ઓક્ટોબરના રોજ મુંબઈ રાજયના વિકાસખાતાના જાહેરનામા હેઠળ મોહનભાઈ પટેલના પ્રમુખપદે ઊંઝા માર્કેટયાર્ડની રચના કરવામાં આવી. આ બાદ જીરુંની સાથે વરિયાળી અને ઈસબગુલ સહિતની પેદાશોને પણ આંતરરાષ્ટ્રીય બજાર મળ્યું. ઊંઝાથી ૫૦ દેશોમાં ઈસબગુલની નિકાસ થાય છે

પ્રાચીન સમયથી ભારતમાં પાચનતંત્ર સહિત શરીરના વિવિધ વિકારોને દૂર કરવા ઈસબગુલનો વપરાશ થતો આવ્યો છે. જો કે આ ઈસબગુલને સમગ્ર વિશ્વમાં પ્રચલિત કરવા ઊંઝાનો સૌથી વિશેષ ફાળો છે. ઊંઝા માર્કેટયાર્ડ ખાતે દર વર્ષે સરેરાશ ૨૦ લાખ બોરી (એક બોરી ૭૫ કિલો) જેટલું ઈસબગુલ ગુજરાત તેમજ રાજસ્થાન અને મધ્યપ્રદેશમાંથી વેચાણ માટે આવે છે, જેમાંથી

અંદાજે ૧૨ લાખ બોરીની વિશ્વના ૫૦થી વધુ દેશોમાં નિકાસ કરવામાં આવે છે. વિશ્વભરની ફાર્માસ્યુટિકલ કંપનીઓ ઈસબગુલની જરૂરિયાત માટે એકમાત્ર ઊંઝા પર નિર્ભર છે. ઊંઝાથી નિકાસ થતું ઈસબગુલ અજોડ વિશ્વસંનિયતા ધરાવે છે. તેના કારણે અન્ય રાજયમાંથી પણ ખેડૂતો ઊંઝા મારફતે વિશ્વભરમાં ઈસબગુલનો વ્યાપાર કરે છે.